ફૂલછાબ - Phulchhab Daily - 21/11/2012

બુધવાર, તા. ૨૧-૧૧-૨૦૧૨

# ગિરનારની લીલી પરિક્રમામાં સાથે રહેશે, 'પર્યાવરણ રક્ષક ટીમ'

- ફૂલછાબ, નવરંગ નેચર ક્લબ અને વાઈલ્ડ લાઈફ કન્ઝર્વેશન ટ્રસ્ટનો સંયુક્ત ઉપક્રમ
- લોકોને વાંસ કાપતાં અટકાવાશે, તાપણું ન કરવા સમજાવાશે, પ્લાસ્ટિકનો કચરો નહીં ફેંકવા દેવાય



રાજકોટ, તા.૨૦ : (ફૂલછાબ ન્યૂઝ) ગિરનાર પર્વતનું મહત્ત્વ અમુક શબ્દોમાં સમજાવી શકાય નહીં. આ પર્વત હિમાલય કરતાં જૂનો છે. શાસ્ત્રો મુજબ ૩૩ કરોડ દેવતા અને ૬૪ જોગણીઓનો વાસ છે. નવનાથનું અહીં બેસણું છે. આવા અધ્યાત્મિક કારણોસર દર વર્ષે ગિરનારની લીલી પરિક્રમા થાય છે. આ લીલી પરિક્રમા દરમિયાન સમસ્યા એ સર્જાય છે કે જે ભક્તો શ્રદ્ધાથી પરિક્રમા કરે છે, તે પર્યાવરણને ભારે નુકસાન કરતા જાય છે. વૃક્ષો અને ખાસ કરીને વાંસ કપાઈ જાય છે. તાપણું કરવા લાકડીઓ કાપે છે. પ્લાસ્ટિકનો કચરો તો ટનબંધ ઠલવાય છે. આના માટે લોકોમાં જાગૃતિ લાવવી જરૂરી છે અને હવે આ જાગૃતિ લાવવાનું કામ 'પર્યાવરણ રક્ષક ટીમ' કરશે.

જી હા, ફૂલછાબ અને નવરંગ નેચર ક્લબના સંયુક્ત ઉપક્રમે અનેક પ્રકલ્પો થયા છે પણ આ પર્યાવરણ રક્ષા અભિયાનમાં રાજકોટનું વાઈલ્ડ લાઈફ કન્ઝર્વેશન ટ્રસ્ટ પણ સામેલ થયું છે. આ ત્રણેયના ઉપક્રમે ગિરનારની લીલી પરિક્રમા દરમિયાન અલગ જ અભિયાન હાથ ધરવામાં આવનાર છે. આ માટે એક ટીમ ઉભી કરવામાં આવનાર છે. જેમાં પ્રકૃતિ પ્રેમીઓ

ફૂલછાબ → નવરંગ નેચર ક્લબ

(જુઓ પાનું ૧૦)

## પર્યાવરણ રક્ષક ટીમમાં જોડાવા માટે...

જે લોકો પરિક્રમા દરમિયાન સાથે-સાથે ફરીને લોકોને સમજાવવામાં, પર્યાવરણલક્ષી પ્રવૃત્તિમાં રસ દાખવતા હોય એવા લોકો જોડાઈ શકે છે. આ ટીમમાં જોડાનાર દરેકને આઈકાર્ડ આપવામાં આવશે. અન્ય સુવિધા અપાશે. જે લોકો પરિક્રમા દરમિયાન પ્રકૃતિલક્ષી કામગીરી કરવા માગતા હોય તેમણે તા.૨૪મીએ સવારે ૯થી ૧૦ વચ્ચે વડ્ડા પથેશ્વર મહાદેવ મંદિરે, ભવનાથ મંદિર પાસે, ગિરનાર તળેટી, જૂનાગઢ ખાતે પહોંચવાનું રહેશે. આ માટે અગાઉથી નામ લખાવવા માટે અને વધારે વિગત મેળવવા માટે નવરંગ નેચર ક્લબના પ્રમુખ વી.ડી.બાલાનો ફોન નંબર ૯૪૨૭૫ ૬૩૮૯૮ અથવા નરેશભાઈ નકુમનો ફોન નંબર ૯૮૭૯૬ ૬૮૬૮૦ ઉપર સંપર્ક કરવો.

## ગિરનાર પરિક્રમા

જોડાઈ શકશે. તા.૨૪મીને શનિવાર, દેવ ઉઠી એકાદશીથી ગિરનારની લીલી પરિક્રમા ચાલુ થવાની છે. ત્રણ દિવસ ચાલનારી આ લીલી પરિક્રમા દરમિયાન દસેક લાખ ભાવિકો પરિક્રમા કરતા હોય છે. પરિક્રમાર્થીઓ પરિક્રમા દરમિયાન વૃક્ષો, રોપા, વાંસ, વગેરે કાપીને, જ્યાં ત્યાં કચરો ઠાલવીને પર્યાવરણને ભારે નુકસાન પહોંચાડતા હોય છે. લોકોમાં જાગૃતિ આવે તે હેતુથી 'પર્યાવરણ રક્ષક ટીમ' ઉભી કરાશે. આ નવતર અભિગમમાં લોકોને સાથ-સહકાર આપવા અપિલ કરવામાં આવી છે.

### લીલી પરિક્રમા શા માટે કહેવાય છે ?

ગિરનાર પર્વતની ૩૬ કિલોમીટરની પરિક્રમાને 'લીલી' પરિક્રમા શા માટે કહેવામાં આવે છે ? આ પરંપરા વર્ષોથી ચાલી આવી છે. 'લીલી' શબ્દ જ પ્રકૃતિ-પર્યાવરણ માટે પ્રયોજાયો છે. લીલી પરિક્રમા એટલે પ્રકૃતિના સાનિધ્યમાં કરવામાં આવતી પરિક્રમા. આ પરિક્રમા દરમિયાન પ્રકૃતિને બચાવવાની હોય છે, તેને નુકસાન શા માટે કરવું ?